"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં. તા: ૨૪/૦૭/૨૦૧૭

તંત્રી શ્રી, ______________________ સુરત

જાત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

(signature)

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

**હળપતિ સમાજના બ્રેનડેડ રમણભાઈ જીતુભાઈ હળપતિના પરિવારે**

**કિડની અને લિવરના દાનથી માનવતા મહેંકાવી સમાજને નવી દિશા બતાવી.**

**ખેત મજૂર રમણભાઈ હળપતિએ બે વ્યક્તિઓને નવું જીવન આપ્યું.**

નામ: રમણભાઈ જીતુભાઈ હળપતિ ઉ. વ.૪૫ બલડ ગ્રુપ: +ve

વ્યવસાય: ખેત મજૂર તરીકે કામ કરતા હતા.

રહેવાસી: ગામ: ગામ ફળીયું, એના, પલસાણા.

કૌટુંબિક વિગત : પુત્ર: અજય રમણભાઈ હળપતિ ઉ.વ. ૨૧
ખેત મજૂર તરીકે કામ કરે છે.
પુત્રી: મનીષા રમણભાઈ હળપતિ ઉ. વ. ૧૨

**બનાવની વિગત:**

ગુરૂવાર, ૧૩ જુલાઈનાં રોજ સાંજે ૫:૦૦ કલાકે રમણભાઈ એના ગામ પલસાણામાં આવેલ એક મકાનમાં છાપરાં ઉપર તાડપત્રી નાખતાં હતા તે વખતે છાપરા પરથી પગ સ્લીપ થઇ જતા નીચે પડી ગયા હતા. માથામાં ગંભીર ઇજાઓ થવાથી બેભાન થઇ ગયા હતા. તેથી તેમને તાત્કાલિક બારડોલીમાં આવેલ શ્રી સરદાર સ્મારક હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા. નિદાન માટે સ્કેન કરાવતા બ્રેઇન હેમરેજ હોવાનું નિદાન થયું હતું.

૨...

Nilesh Mandlewala
President
+91 98256 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98241 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



વધુ સારવાર માટે શુક્રવાર, ૧૪ જુલાઈના રોજ સાંજે ૪:૦૦ કલાકે સુરતની નવી સિવિલ હોસ્પીટલમાં આસિસ્ટન્ટ પ્રો. ડૉ. જીગ્નેશ પટેલ, એસોસિયેટ પ્રો. ડૉ. સંદીપ કંસલ અને ન્યુરોસર્જન ડૉ. પ્રશાંત પટેલની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યાં.

શનિવાર, તા: ૨૨ જુલાઈના રોજ ન્યુરોસર્જન ડૉ. પ્રશાંત પટેલ અને ન્યુરોફીજીશ્યન ડૉ. પરેશ ઝાંઝમેરાએ રમણભાઈને બ્રેનડેડ જાહેર કર્યા.

નવી સિવિલ હોસ્પીટલના સર્જરી વિભાગના ડૉ. નિલેશ કાછડિયાએ ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી રમણભાઈના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી રમણભાઈના પુત્ર અજય, ભાઈ ભીખા અને બહેન લલી તેમજ અન્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

રમણભાઈના પુત્ર અજય અને પરિવારના અન્ય સભ્યોએ જણાવ્યું કે અમે ખેત મજૂરી કરીને રોજના ૧૦૦ રૂપિયા કમાઈએ છીએ. અમારી પાસે દાન કરવા માટે કોઈ મૂડી નથી, પરંતુ જ્યારે આજે અમારા પિતાજી બ્રેનડેડ થયા છે ત્યારે તેમના અંગોના દાન થકી કોઈક વ્યક્તિને નવું જીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી અને કિડની તથા લિવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. બીપીન પાલ અને તેમની ટીમે આવી કિડની અને લિવરનું દાન સ્વીકાર્યું.

3...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



દાનમાં મેળવવામાં આવેલી એક કિડની વિસનગરના રહેવાસી ત્રિલોક મનુભાઈ પાઠક ઉ.વ. ૨૬માં અને બીજી કિડની અમદાવાદની કિષ્ણા કલ્પેશભાઈ સોની ઉ. વ. ૨૬માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જયારે લિવર રીસર્ચ માટે રાખવામાં આવ્યું છે.

આ કિડનીઓનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની સમગ્ર પ્રક્રિયામાં રમણભાઈના પુત્ર અજય, ભાઈ હીખા, બહેન લલી, ન્યુરોસર્જન ડૉ. પ્રશાંત પટેલ, ન્યુરોફીજીશ્યન ડૉ. પરેશ ઝાંઝમેરા, આસિસ્ટન્ટ પ્રો. ડૉ. જીગ્નેશ પટેલ, એસોસિએટ પ્રો. ડૉ. સંદીપ કંસલ, સર્જરી વિભાગના ડૉ. નિલેશ કાછડીયા, ડૉ. મયુર ગામીત, સુરત નવી સિવિલ હોસ્પીટલનો સ્ટાફ. ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ અને સુભાષ જોધાણીનો સહકાર સાંપડયો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૨૧૫ કિડની, ૮૪ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૨ હૃદય અને ૧૮૦ ચક્ષુઓનો દાન મેળવીને ૪૯૪ વ્યક્તિઓને નવજીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મેળવી છે.

Nilesh Mandlewala
President
+91 98256 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98241 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961